પૂર્વછાયો- વળી કહું એક વારતા, સુણો તે સર્વે જન ।
ભિડ્ય પડે જ્યારે ભક્તને, ત્યારે ભય હરે ભગવન ॥૧॥
કરે સહાય હરિ કષ્ટમાં, નિજસેવકની નરવીર ।
વસમી વેળાએ વાલ્યમો, સુખ આપે શ્યામ સુધીર ॥૨॥
સુખકારી દુઃખહારી, ધારી ટેક એ ધર્યની ।
દાસના અવિનાશ ત્રાસ, વિનાશન રીત ઘરની ॥૩॥
જીયાંજીયાં નિજજનની, જગજીવને કરી જતન ।
સુણાવું કંઈ સંક્ષેપે, સાંભળજ્યો સહુ જન ॥૪॥

ચોપાઇ- એક વિપ્ર વાંકાનેર ગામ, હરિભક્ત નામ જીવરામ ।
પાળે નિજધરમ આચાર, કરે નિર્વાહ સારુ વેપાર ॥૫॥
એમ કરી કરે ગુજરાણ, ભજે પ્રભુ પ્રકટ પ્રમાણ ।
પાળે પળે જેટલું વચન, કરે સ્વામી શ્રીજીનું ભજન ॥૬॥
એકવાર કણ લેવા કાજે, ગયો સિંધ દેશ બેસી ઝાઝે ।
વોરી ચોખા ને ભરીયું વાણ, વળ્યો સિંધથી દ્વિજ સુજાણ ॥૭॥
મળ્યા વાટમાં વળતા ચોર, મહાપાપી અધર્મી અઘોર ।
આડા આવીને રોકિયું ઝાઝ, માલ મિલકત લુંટવા કાજ ॥૮॥
બેડી સાથે બેડી બાંધી લીધી, કરી હાકલ ને હલાં કીધી ।
જ્યારે ચોર નાવે આવી ચડ્યા, ત્યારે ખેવટ પાણીમાં પડ્યા ॥૯॥
રહ્યો જીવરામ એક જેહ, તર્ત ઝાલી લીધો ચોરે તેહ ।
બાંધ્યા પાછા વાળીને બે હાથ, માર્યા માથામાં છરા છો સાત ॥૧૦॥
પછી જીવતો જળમાં નાખી, બેડી હાંકિ ગયા ઘેર આખી ।
પડ્યો જીવરામ જળમાંય, તરે તન જીવ નવ જાય ॥૧૧॥
પછી વિપરે કર્યો વિચાર, પડ્યું દુઃખ તે આજ અપાર ।
કેમ જાતા નથી હજી પ્રાણ, આ શું બોળતો નથી મેરાણ ॥૧૨॥
કરે વિનંતિ વારમવાર, કરો સ્વામી સહજાનંદ સાર ।
આવો વહેલા છોડાવિયે તન, બીજી નથી ઇચ્છા હવે મન ॥૧૩॥
એમ કહી થઇ દીન અતિ, ત્યારે વારે આવ્યા પ્રાણપતિ ।
લાવ્યા સુંદર કોટિયું સાથ, છોડિયા બંધન થકી બેઉ હાથ ॥૧૪॥
બાંય ગ્રહિને બેસાર્યો બેડી, ચાલ્યા દયાળુ દાસને તેડી ।
હાલી હળવે હળવે હુડી, લાવ્યા પાર પ્રભુ રીત્ય રુડી ॥૧૫॥
ભૂખ પ્યાસની વેદના હરિ, બૂડતાં જળમાં સાય કરી ।
એમ ઉગારીયો નિજદાસ, આપ્યો પરચો એ અવિનાશ ॥૧૬॥
પછી ધીરેધીરે જીવરામ, ચાલ્યો આવતો તો નિજ ગામ ।
તેથી મોર સંભળાણી વાત, થયું જીવરામ તન પાત ॥૧૭॥
એવું સર્વે સંબન્ધી સાંભળી, આવ્યા જીવરામ ઘેર મળી ।

કહે સમાચાર એવો આવ્યો, જીવરામ તો ધામ સધાવ્યો ॥૧૮॥
ત્યારે બોલી એ દ્વિજની માત, એવી કરશો માં કોઈ વાત ।
મારો મુવો નથી જીવરામ, તમે જાઓ ઘેર કરો કામ ॥૧૯॥
પછી સહુએ બહુબહુ કહ્યું, ડોશી તારું છે કઠણ હૈયું ।
પણ જાય છે દ્વિજનો ધર્મ, વહુને કરાવિયે ચુડાકર્મ ॥૨૦॥
ત્યારે ડોશી થયાં દલગીર, ભર્યાં લોચનિયાંમાંહિ નીર ।
ત્યારે એ સમે આવિયા શ્યામ, ડોશી નથી મુવો જીવરામ ॥૨૧॥
બોલ્ય સહુને આગે હોડ બકી, કાલ બપોરે આવશે નક્કી ।
પછી ડોશીયે તેમજ કહ્યું, આવ્યો જીવરામ સત્ય થયું ॥૨૨॥
એમ પરચો આપી મહારાજ, કર્યું ભક્ત બ્રાહ્મણનું કાજ ।
વળી વાત અનુપમ અતિ, સુણિ લેજ્યો સહુ શુભમતિ ॥૨૩॥
એક સત્સંગી ગોલિડું ગામ, ભજે સ્વામિનારાયણ નામ ।
સંત સાચા જાણે સ્વામિતણા, ગણે બીજાને કપટી ઘણા ॥૨૪॥
એવું ગામ બધું ગુણવાન, સુણે વાત હેતે દઈ કાન ।
તેમાં એક કુસંગી અભાગી, ફશ્યો ફેલમાં ન શક્યો ત્યાગી ॥૨૫॥
તેને લેવા આવ્યા જમરાણ, ધાયા કિંકર લઈ ધમસાણ ।
તિયાં ભક્ત રહે ભાઈ ચાર, રાજગુરુ બ્રાહ્મણ ઉદાર ॥૨૬॥
ભીમ વશરામ રાઘવ રાણો, ચાર ભક્ત પ્રભુના પ્રમાણો ।
તેણે દીઠું જમદળ જ્યારે, મને વિચારીયું મળી ચ્યારે ॥૨૭॥
આપણે શ્રી મહારાજના છીએ, એ જીવ જમને કેમ દઈએ ।
પ્રભુ પ્રતાપ ઉરમાં ધારી, ચાલો સહજાનંદજી સંભારી ॥૨૮॥
જ્યારે વાળીયે જમને પાછા, ત્યારે આપણે સત્સંગી સાચા ।
એમ પરિયાણી ભાઈ ચાર, આવ્યા જમને આડા તેવાર ॥૨૯॥
કહે પાપી પાછા વળો તમે, ગરવા ગામમાં નહિ દૈયે અમે ।
કહે જમ જાળવ્ય ઘર તારું, આખા ગામનું નહિ થાય વારું ॥૩૦॥
કહે ભક્ત આ સર્વે સ્વામીના, પ્રભુ પ્રકટ બહુનામીના ।
કહે જમ એ જુઠું સઘળું, એને લીધા વિના નવ વળું ॥૩૧॥

કહે ભક્ત ખાશો માર જ્યારે, પાપી ભાગશો તમે તે વારે ।
ત્યારે જમ કહે જા તારે ઘર, એમ કહીને ઉગામ્યો કર ॥૩૨॥
ત્યારે ભીમ રાણો ભડ ભારી, કૃતાંત દાંતમાં ડાંગ મારી ।
થયો કડાકો વસમી વીતિ, જમ ભક્તને ન શક્યા જીતી ॥૩૩॥
પામ્યા ભય ભાગ્યા જમરાણ, આતો જન દિસે છે જોરાણ ।
ભક્ત તમે સાચા સાચા સ્વામી, અમે જાઈએ છીએ હાર પામી ॥૩૪॥
એમ જન જીત્યા જમસાથે, કરી સાય સેવકની નાથે ।
જેને બળ બહુનામીતણું, માન્યું પોતાને સેવકપણું ॥૩૫॥
તેથી જાણો કોણ ન જીતાય, આ લોક પરલોકને માંય ।
એનું આશ્ચર્ય કાંઈ મ જાણો, આપ્યો પરચો એ પરમાણો ॥૩૬॥
પછી આવ્યો એ પ્રાણીનો અંત, ત્યારે તેડવા આવિયા સંત ।
એમ આપ્યો પરચો એ નાથ, વળી સાંભળજ્યો એક ગાથ ॥૩૭॥
વીત્યાં વર્ષ માસ કાંઈ દન, આવી અવધ્યે તજ્યું રાણે તન ।
મુવા મોરે સહુને જણાવ્યું, કહે મોત માનો મારું આવ્યું ॥૩૮॥
જેને આવવું હોય જરૂર, ચાલો તેડીજાઉં બ્રહ્મપુર ।
એમ સહુને કહે વળીવળી, સહુ સામું જોઈ રહે સાંભળી ॥૩૯॥
પછી માત સુતે માની વાત, કહે અમે આવશું સંગાત ।
પછી તજ્યું રાણે જ્યારે અંગ, માત સુત લઈ ચાલ્યો સંગ ॥૪૦॥
એવો પ્રતાપ મહારાજતણો, શું કહિએ મુખથી ઘણોઘણો ।
કહું વારતા એક હું વળી, સહુ થાશો થકિત સાંભળી ॥૪૧॥
એક નાસ્તિકી આરજ્યા થઈ, મુંડાઈ માંડવધારે રઈ ।
તેને રહીગઈ એવી આશ, ખાધું સર્વસ્વ ન ખાધું માંસ ॥૪૨॥
પછી મરીને મરકી થઈ, માર્યા માંડવધારમાં કઈ ।
એક બાળી આવે ઘરબહાર, ત્યાંતો બીજું થયું હોય ત્યાર ॥૪૩॥
તેને ઉપાડી જઈ મુકે આગ્ય, ત્યાંતો ત્રીજું કરે તનત્યાગ ।
એમ અહોનિશ માનવી મરે, મરકી ભક્ષ માણસનો કરે ॥૪૪॥
પછી સત્સંગી મળી સુજાણ, આવ્યા પ્રભુ પાસે જોડી પાણ ।

કહે મહારાજ ત્યાં લગી આવો, રાંડ મરકીને મારી નસાવો ॥૪૫॥
ત્યારે નાથ કહે જાઓ તમે, સારું સંત ને આવશું અમે ।
પછી પધાર્યા સંત ને શ્યામ, ત્યારે મુકી ગઈ મરકી ગામ ॥૪૬॥
દીઠી સંતે તે મૂરતિમાન, ભર્યા દંત રુધિરે નિદાન ।
એવા પરચા બીજા અપાર, કહેતાં લખતાં ન આવે પાર ॥૪૭॥
ધન્ય સતસંગી ધન્ય શ્યામ, પૂરી હરિએ હૈયાની હામ ।
જે જે જનની કરી સહાય, તેતો મુખથી કહ્યું ન જાય ॥૪૮॥

ઇતિ શ્રીમદેકાંતિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય નિષ્કુળા-નંદ મુનિવિરચિતે ભક્તચિંતામણિમધ્યે શ્રીજીમહારાજે હરિજનને પરચા પૂર્યા એ નામે એકસો ને છત્રિશમું પ્રકરણમ્ ॥૧૩૬॥